# નેતાન્યાહુ સામે ભ્રષ્ટાચારના આરોપો

## ▸ જોકે ઇઝરાયલના વડા પ્રધાને રાજીનામું આપવાની સાફ ના પાડી

*જેરુસલેમ:* ઇઝરાયલની પોલીસે ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુ વિરુદ્ધ ભ્રષ્ટાચારના બે કથિત મામલામાં સંડોવણી હોવાના પૂરતા પુરાવા શોધી કાઢીને તેમની સામે વિશ્વાસઘાત કરવાના આરોપનો સામનો કરી રહ્યા હોવા છતાં તેમણે રાજીનામું આપવાની ધરાર ના પાડી દીધી હતી. પોલીસે ભ્રષ્ટાચારના કેસની ૧૪ મહિના લાંબી તપાસ કર્યા પછી ઇઝરાયલના વડા પ્રધાન વિરુદ્ધ પૂરતા પુરાવા હોવાનું અને ૬૮ વર્ષના નેતાન્યાહુ સામે કાનૂની કાર્યવાહી કરવાની ભલામણ કરી હોવાની જાહેરાત મંગળવારે કરી હતી.

બે વાર ઇઝરાયલના વડા પ્રધાન બનેલા નેતાન્યાહુ કેસ ૧૦૦૦, તરીકે ઓળખાતા 'ગિફ્ટ-ફોર-ફેવર અફેર' અને બીજો કૌભાંડ કેસ જે કેસ ૨૦૦૦ તરીકે ઓળખાય છે તેમાં તેમણે આર્નોન મોઝીસ સાથે પાછલા બારણે સોદા કર્યા હોવાની શંકા છે. આર્નોન મોઝીસ લોકપ્રિય અખબારમાં વડા પ્રધાનની તરફેણમાં કવરેજ પ્રગટ કરવા માટે કથિત સોદા કરવામાં આવ્યા હોવાનું જેરુસલેમ પોસ્ટના અહેવાલમાં જણાવાયું હતું.

ઇઝરાયલના વડા પ્રધાન તરીકે તેમની ૨૦૦૯માં પસંદગી કરાઈ હતી. આ પહેલાં તેઓ ૧૯૯૬થી ૧૯૯૯ સુધીની મુદત દરમિયાન વડા પ્રધાનના હોદ્દે હતા. પોલીસે નેતાન્યાહુએ દસ વર્ષથી વધુના સમયગાળા દરમિયાન લગભગ ૩,૦૦,૦૦૦ ડૉલર ભેટ તરીકે મેળવ્યા હોવાનો આરોપ મુક્યો હતો. નેતાન્યાહુએ પોતાની સરકાર સ્થિર હોવાનું જણાવ્યું હતું અને પોલીસ તપાસની ટીકા કરતાં કહ્યું કે આને લીધે રાજીનામુંની બાબતે ઉશ્કેરણી કરવામાં આવી રહી છે. તેમણે ખાતરી આપતાં જણાવ્યું હતું કે મારી સરકાર સ્થિર છે. ચૂંટણી કરવાની મારી કે બીજા કોઇની યોજના નથી. અમે સાથે મળીને પૂર્ણ સમયની મુદત સુધી ઇઝરાયલની જનતા માટે સારું કાર્ય કરવાનું ચાલુ રાખીશું. પોલીસના અહેવાલ ગેરમાર્ગે દોરનારા અને સત્ય તથા તર્કથી વિપરીત છે. (પીટીઆઈ)■

### એ અહેવાલમાં ટાટાનું પણ નામ

*જેરુસલેમ:* ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુ સામે પોલીસે ભ્રષ્ટાચાર આચરવાના આરોપસર તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવાની ભલામણ કરી હતી. એમાં રતન ટાટાનું નામ લેવામાં આવ્યું હોવાનું ઈઝરાયલના મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

ભારતીય ઉદ્યોગપતિની ઑફિસે ટાટાના નામના ઉલ્લેખને 'ખોટો ગણાવીને' ફગાવી દીધો હતો. કથિત કેસ ૧૦૦૦ જેમાં નેતાન્યાહુ અને તેમનાં પત્ની સારાને અબજોપતિ તરફથી ગેરકાયદે ભેટના લાભાર્થીઓમાં ઈઝરાયલમાં જન્મેલા હૉલિવૂડના નિર્માતા મિલચાન અને ઑસ્ટ્રેલિયન રિસોર્ટના માલિક જેમ્સ પેકરનાં નામ લેવામાં આવ્યા છે.

નેતાન્યાહુ મિલચાનની મદદથી જે પ્રોજેક્ટને આગળ વધારવા માગતા હતા તે પ્રોજેક્ટના ભાગ તરીકે ભારતના ઉદ્યોગપતિનું નામ લેવામાં આવ્યું હોવાનું કહેવાય છે. મિલચાનને લાભ આપવાના ઉદ્દેશથી નેતાન્યાહુએ ઇઝરાયલ-જોર્ડનની સરહદ પર મુક્ત વ્યાપાર ઝોનને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો હતો. એ પ્રોજેક્ટ હૉલીવૂડના નિર્માતા ભારતીય ઉદ્યોગપતિ રતન ટાટા સાથેની ભાગીદારીમાં પ્રમોટ કરવાના પ્રયાસ કરતા હોવાનું વાય નેટ ન્યૂઝના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. (પીટીઆઇ)■



### પ્રવાસીઓ બચ્યા

સેન ફ્રાન્સિસ્કોથી હોનોલૂલૂ જઇ રહેલી યુનાઇટેડ એરલાઇન્સની ફ્લાઇટ ૧૧૭૫ના એન્જિન પરનું કવર હટી જતાં વિમાનને તાત્કાલિક ઉતારવું પડ્યું હતું. આ વિમાનના એક ઉતારુએ એન્જિનને થયેલા નુકસાનની તસવીર ખેંચી હતી, જ્યારે એરલાઇન તરફથી મિકેનિકલ સમસ્યા હોવાનું જણાવાયું હતું. પેસીફિક સમુદ્ર પરથી પસાર થતી વખતે ૩૭૩ લોકોને લઇ જતી યુનાઇટેડ એરલાઇન્સની ફ્લાઇટના જમણી તરફના એન્જિનનું કવર પડી ગયા બાદ પ્રવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો અને વિમાનનું હોનોલૂલૂમાં તાત્કાલિક ઉતરાણ કરવું પડ્યું હતું. સૅન ફ્રાન્સિસ્કોથી મંગળવારે ઉપડેલી યુનાઇટેડ એરલાઇન્સની ફ્લાઇટ ૧૧૭૫ હોનોલૂલૂમાં ઉતરવાની હતી એના એક કલાક અગાઉ ઉપરોક્ત ઘટના ઘટી હતી. બોઇંગ ૭૭૭ વિમાનમાં ૩૬૩ પ્રવાસીઓ અને ૧૦ ક્રૂ સભ્યો હતા. વિમાને સલામત રીતે ઉતરાણ કર્યું હતું. (પીટીઆઈ ફોટો)

શ્રી મુંબઈની સુરતી દશા પોરવાડ વણિક જ્ઞાતિ



શ્રી ઉત્પલભાઈ રજનીકાંત દલાલ

સખેદ જણાવવાનું કે આપણી જ્ઞાતિનાં માનદ્ ટ્રસ્ટી, શ્રી હિતેચ્છુસભાનાં ઉપપ્રમુખ તથા જ્ઞાતિ કમિટીનાં માનદ્ મંત્રી શ્રી ઉત્પલભાઈ રજનીકાંત દલાલ ઉ. વર્ષ ૬૯ તા. ૧૩-૨-૨૦૧૮નાં રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તેમને શ્રદ્ધાંજલી આપવા જ્ઞાતિ તરફથી શોકસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

સમય : સાંજ ૫.૩૦ થી ૭.૦૦
તારીખ : શુક્રવાર, ૧૬-૨-૨૦૧૮
સ્થળ : શ્રી મોરારબાગ,
33, નાથમાધવ પથ, (ખત્તરગલી), મુંબઈ - ૪૦૦ ૦૦૪.

સુ. દ. પો. ટ્રસ્ટી મંડળ

## પાક ત્રાસવાદીઓના ભારત પર હુમલા ચાલુ છે: અમેરિકી જાસૂસી વડા

*વૉશિંગ્ટન:* જમ્મુ અને કાશ્મીરમાં અત્યારે ત્રાસવાદી હુમલાઓમાં વધારો થયો છે, ત્યારે જ અમેરિકાના ગુપ્તચર ખાતાના વડાએ એવી ચેતવણી ઉચ્ચારી છે કે પાકિસ્તાનનો ટેકો ધરાવનારા ત્રાસવાદી જૂથો ભારતની અંદર હુમલાઓ કરવાનું ચાલુ જ રાખશે.

પાકિસ્તાનસ્થિત જૈશે મોહંમદના ત્રાસવાદીઓ શનિવારે જમ્મુની સુંજવાં લશ્કરી છાવણી પર ત્રાટકયા અને છ સૈનિકો સહિત સાત લોકોને તેમણે મોતને ઘાટ ઉતાર્યા તેનાં થોડા દિવસમાં જ ડિરેક્ટર ઑફ નેશનલ ઈન્ટેલિજન્સ ડેન કોટ્સનું આ નિવેદન આવ્યું છે. આ સિવાય, તાજેતરમાં જ સીઆરપીએફની છાવણી પર ત્રાટકવાનો ત્રાસવાદીઓનો પ્રયાસ નિષ્ફળ ગયા બાદ તેઓ શ્રીનગરના કરણ નગર વિસ્તારની એક ઇમારતમાં છુપાઈ ગયા હતા અને ૧૨મી ફેબ્રુઆરીએ સુરક્ષા દળો અને ત્રાસવાદીઓએ સામસામે ગોળીબાર કર્યો હતો.

'પાકિસ્તાન નવા અણુશસ્ત્રોની ક્ષમતા દર્શાવીને, ત્રાસવાદીઓ સાથેનું જોડાણ જાળવી રાખીને, ત્રાસવાદ વિરોધી પગલાં ભરવાનું અટકાવીને અને ચીનની વધુ નજીક સરકીને અમેરિકાના હિતોને પડકારી રહ્યું છે', એમ ઈન્ટેલિજન્સ અંગેની સેનેટોની પસંદગી સમક્ષ જણાવ્યું હતું. 'ઈસ્લામાબાદનો ટેકો મેળવનારા ત્રાસવાદી જૂથો તેમને પાકિસ્તાનમાં મળેલી સલામતીનો લાભ લઈને ભારત અને અફઘાનિસ્તાનમાં હુમલા કરી રહ્યા છે અને હુમલાની યોજનાઓ ઘડી રહ્યા છે' એમ અમેરિકાની ઈન્ટેલિજન્સમાં વિશ્વ વ્યાપી ધમકીની આકારણીની સુનાવણીમાં કોટ્સે જણાવ્યું હતું. (પીટીઆઇ)■



ઓપરેશન પૂર્વેની તસવીર

છાતી અને પેટથી જોડાયેલી એન્ના અને હૉપ રિચર્ડસને સફળતાપૂર્વક છૂટી પાડવામાં આવી એ અગાઉ તેની સાથે તેના માતાપિતા અને બે ભાઇઓએ સમય વિતાવ્યો હતો. ૨૦૧૬માં જન્મેલી આ બાળકીઓની તસવીર હ્યુસ્ટનની ટેકસાસ ચિલ્ડ્રન્સ હૉસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવી છે. (એપી/પીટીઆઈ ફોટો)

## મોદીની દિશાવિહોણી સલામતી નીતિને લીધે આતંકવાદમાં વધારો: કૉંગ્રેસ

*નવી દિલ્હી:* વડા પ્રધાન નરેન્દ્ર મોદીની 'દિશાવિહીન' અને 'વિસંવાદી' વિદેશ અને સંરક્ષણ નીતિને પરિણામે ત્રાસવાદ અને યુદ્ધવિરામભંગના કેસમાં ખૂબ જ વધારો થયો છે એવો આક્ષેપ કરીને કૉંગ્રેસે બુધવારે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

૨૦૧૪ની ચૂંટણી પહેલાં યુપીએ સરકારને તેઓ જે પ્રશ્નો પૂછતા હતા એ જ પ્રશ્નોના જવાબ કૉંગ્રેસે વડા પ્રધાન પાસેથી માગ્યા છે અને તેમણે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે મોદીને લક્ષ્ય બનાવ્યા છે.

'દેશની રાષ્ટ્રીય સુરક્ષા સાથે દરરોજ સમજૂતી સાધવામાં આવે છે અને સરકાર નિષ્ક્રિય થઈને બેસી રહે છે' એવો આક્ષેપ કૉંગ્રેસના પ્રવક્તા અભિષેક સિંઘવીએ કર્યો હતો.

આ આક્ષેપના દાવાને સંગીન બનાવતા તેમણે કહ્યું હતું કે, 'મોદી સરકારના શાસનના છેલ્લા ૪૪ મહિનામાં ૨૮૬ જવાનો અને ૧૩૮ નાગરિકોનાં મોત થયાં છે, જ્યારે યુપીએના શાસનમાં એટલા જ સમયમાં ૧૧૫ જવાન અને ૭૨ નાગરિકોનાં મૃત્યુ થયાં હતાં.

એનડીએના ૪૪ મહિનાના શાસનમાં પાકિસ્તાન તરફથી થતાં યુદ્ધવિરામ ભંગના કેસમાં પાંચ ગણો વધારો થયો છે અને એ સંખ્યા ૨,૫૫૫ની થઈ છે. જ્યારે યુપીએના શાસનમાં એ સંખ્યા ૫૪૩ સુધી સીમિત હતી.

આના પરથી શું સાબિત થાય છે? સરકારની બેવડી નીતિ? આ સરકારનો નર્યો દંભ દાખવે છે.

પડોશી દેશ સામે દર વખતે આંગળી ચિંધીને ભાજપ દર વખતે છટકી જાય છે, એમ કૉંગ્રેસી નેતાએ જણાવ્યું હતું.

'સરકાર, વડા પ્રધાન અને પક્ષ પ્રમુખ પાંચ સવાલના મહેરબાની કરીને જવાબ આપે. અમને રાષ્ટ્રવાદના પાઠ ભણાવીને એના જવાબ ન આપતા' એમ જણાવીને તેમણે એનડીએ સરકારને આંકડા અને માહિતી સાથે જવાબ આપવાનું જણાવ્યું હતું.

વડા પ્રધાન અને શાસક પક્ષે ક્યારેય આ પાંચ સવાલના જવાબ આપવાનો પ્રયાસ કર્યો નથી, એમ સિંઘવીએ જણાવ્યું હતું.

'૫૬ ઇંચની છાતીની માત્ર વાતો અખબારોમાં છપાય છે. મોદી સરકારની રાષ્ટ્રીય સુરક્ષા અંગેની દિશાવીહિન નીતિને કારણે જ સરહદ પર અશાંતિ ફેલાયેલી છે', એમ તેમણે જણાવ્યું હતું.(પીટીઆઈ)■

દુ:ખદ નિધન

શ્રી માંગરોળ દશાશ્રીમાળી વૈષ્ણવ વણીક



દેવર્શ રાજેશકુમાર સિરાજ
(ઉ.વ. ૧૮)
સોમવાર તા.૧૨/૨/૨૦૧૮ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

પ્રાર્થના સભા

ગુરૂવાર તા.૧૫/૨/૨૦૧૮ રોજ સમય સાંજે ૪.૩૦ થી ૬.૦૦ ક.
સ્થળ : જલારામ હૉલ,
એન.એસ.રોડ નં.૬,
જોગર્સ પાર્કની સામે,
જે.વી.પી.ડી. સ્કીમ,
વિલે પાર્લે (વે.), મુંબઈ - ૫૬.

શોકાતુર

સમસ્ત લલીતકુમાર ગોપાલદાસ સિરાજ પરિવાર

## દર્દીને હૉસ્પિટલમાં અપાતા ખોરાક પર જીએસટી નહીં

*નવી દિલ્હી:* સરકારે જણાવ્યું હતું કે ડૉક્ટરોની સૂચના પ્રમાણે હવેથી હૉસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને અપાતા ખોરાક પર જીએસટી નહીં લાગે. જોકે, જે દર્દીઓને દાખલ નહીં કરાયા હોય એમણે હૉસ્પિટલે આપેલા કુલ ખોરાક પર જીએસટી કર ચૂકવવો પડશે. રેવન્યૂ વિભાગે જાણવા જેવી પ્રશ્નાવલીમાં સ્પષ્ટતા કરી હતી કે હૉસ્પિટલોએ હાયર કરેલા વરિષ્ઠ ડૉક્ટરો/કનસલ્ટન્ટો/ટેક્નિશિયનોની સેવા માટે પણ જીએસટી નહીં ચૂકવવો પડે કારણ કે એ બાબત હેલ્થકેર સેવા હેઠળ આવરી લેવામાં આવી છે. હૉસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને અપાતો ખોરાક હેલ્થકેરનો એક ભાગ છે અને એને માટે અલગથી જીએસટી નહીં આપવો પડે. જે દર્દીઓને દાખલ નહીં કરાયા હોય, એમને અથવા એમના એટેન્ડન્ટને અથવા એમને મળવા આવતા લોકોને આપવામાં આવતા ખોરાક પર જીએસટી ચૂકવવાનો રહેશે.

જીએસટી કાયદા પ્રમાણે દર્દીઓ પાસેથી હૉસ્પિટલ દ્વારા ચાર્જ કરાનારી રકમ જેમાં રિટેન્શન મની, ડૉક્ટરોની ફી/પેમેન્ટ વગેરે હૉસ્પિટલ દ્વારા દર્દીને આપવામાં આવતી હેલ્થકેર સર્વિસ ગણાય અને એને જીએસટીથી મુક્ત રખાઇ છે. (પીટીઆઇ)■

## ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના કેસમાં ચુકાદો પાક સુપ્રીમમાં મોકૂફ

*ઇસ્લામાબાદ:* પાકિસ્તાનમાં નવાઝ શરીફને વડા પ્રધાનના હોદ્દેથી પદચ્યુત કરવામાં આવ્યા પછી આ મુદ્દો મહત્ત્વનો બનતાં બંધારણ હેઠળ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટેની સમય મર્યાદા નક્કી કરવા સંદર્ભના કેસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આરક્ષિક્ત કે અનામત રાખ્યો હતો.

બંધારણની કલમ ૬૨(૧) (એફ)માં ખાસ સંજોગો અથવા અપવાદરૂપ કેસમાં ધારાસભ્યોને ગેરલાયક ઠરાવીને તેમને હોદ્દા પરથી દૂર કરવાની જોગવાઇ છે પણ આ જોગવાઇમાં નિશ્ચિત સમયની અવધિનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોવાથી કોર્ટમાં મૂંઝવણ ઊભી થઈ હતી.

ગયા વર્ષે પનામા પેપર લીક કેસમાં શરીફને વડા પ્રધાનના હોદ્દા માટે ગેરલાયક ઠરાવીને પદચ્યુત કરવામાં આવ્યા પછી આ મુદ્દે પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પરંતુ તેમને આજીવન ગેરલાયક ઠેરવવામાં આવે કે કેમ તે મુદ્દો સંદિગ્ધ હોવાને લીધે વિવાદ ઊભો થયો હતો.

ચીફ જસ્ટિસ સાકિબ નિસારના વડપણવાળી બૅન્ચ સમક્ષ અનેક વકીલોએ કરેલી દલીલબાજી અઠવાડિયાઓ સુધી ચાલી હતી. બૅન્ચમાં જસ્ટિસ શેખ અઝમાત સઈદ, જસ્ટિસ ઉમર અટા બાન્દિયાલ, જસ્ટિસ ઈજાઝૂલ અહેસાન અને જસ્ટિસ સજ્જાદ અલી શાહનો સમાવેશ થતો હતો.

એટર્ની જનરલે જણાવ્યું હતું કે બંધારણમાં ધારાસભ્યને ગેરલાયક ઠેરવવાની જોગવાઈમાં સમયાવધિનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સમય મર્યાદાનો નિર્ણય સંસદ જ લઈ શકે. આથી સુપ્રીમ કોર્ટે કેસનો ચુકાદો અનામત રાખવાનો નિર્ણય લીધો હતો. (પીટીઆઇ)■

શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

દેહધારણ: ૨૪.૦૩.૧૯૪૦



દેહત્યાગ: ૧૩.૦૨.૨૦૧૮

શેઠ શ્રી પ્રવિણચંદ્ર બાબુલાલ શાહ
(ભદ્રાવળ નિવાસી હાલ વિલે પાર્લે - ઈસ્ટ)
મંગળવાર તા. ૧૩.૨.૨૦૧૮ ના અરિહંતશરણ પામેલ છે.
હે પરમ પિતા પરમાત્મા ! સદ્દગત આત્માને
શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પો એવી અમારી સૌની પ્રાર્થના

માતા - પિતા : સ્વ. લીલાવંતીબેન બાબુલાલ શાહ
પત્ની : જયાલક્ષ્મી પ્રવિણચંદ્ર શાહ
પુત્ર - પુત્રવધુ : વિપુલભાઇ - મીતાબેન
પુત્રી - જમાઈ : કવિતા જાવડશા વારૈયા
પૌત્ર - પૌત્રી - પૌત્રવધુ : મિહિર - નિલોની, વત્સલ, ઈશિતા, ઋષભ
ભાઈ : દિનેશભાઇ - પ્રવિણાબેન, રજનીભાઇ - હેમલતાબેન
બહેન - જીજાજી : મંજુલાબેન જયંતિલાલ મહેતા
સાસુ - સસરા : સ્વ. લીલાવંતીબેન કેસરીચંદ વાસા

પ્રાર્થના સભા
શુક્રવાર ૧૬.૦૨.૨૦૧૮ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦, આજીવાસન હોલ, એસ. એન. ડી. ટી. કોલેજ પાસે, જુહુ - તારા રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ)

VIPULORGANICS
Interconnected Chemistry
JP Developers
Amar Trading Corporation
Standardcon Pvt. Ltd.
Email: info@vipulorganics.com Mob: +91-9594960002

